ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૪/૨૦૨૬

વંચાણે લીધી :
સામાન્ય વહીવટ વિભાગની તા.૨૭/૦૪/૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક: સચવ/૧૫૨૦૨૬/૦૯/ગ.૨ સેલ

અધિસૂચના

ક્રમાંક: GAD/KRT/e-file/1/2022/6468/KH

(૧)

વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચનાથી, સચિવાલય સેવાઓ હેઠળના સંયુક્ત/નાયબ સચિવ વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓની વિભાગ/કચેરી ખાતેથી બદલીઓ કરવામાં આવેલ છે. જે પૈકી નીચે કોષ્ટકના કોલમ (૨)માં દર્શાવેલ નાયબ સચિવને સામાન્ય વહીવટ વિભાગ ખાતે બદલી કરી નિમણૂક માટે ફાળવવામાં આવતા તેઓ કોલમ (૩)માં દર્શાવેલ તારીખથી ફરજ પર હાજર થયેલ છે. તદનુસાર તેઓને કોલમ (૩)માં દર્શાવેલ તારીખથી સામાન્ય વહીવટ વિભાગ ખાતે હાજર કરી કોલમ (૪) માં દર્શાવેલ જગા પર તા.૨૮/૦૪/૨૦૨૬થી નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | નાયબ સચિવનું નામ | વિભાગ ખાતે હાજર થયા તારીખ (ક.સ.થી.) | નિમણૂકની જગ્યા | કામગીરીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | સુશ્રી હિના આર. શારડા | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (તપાસ) | તપાસ એકમ |

(૨)

વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચનાથી સચિવાલય સેવાના ઉપસચિવ, વર્ગ-૧ (પગાર ધોરણ રૂ.૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ પે મેટ્રીક્સ લેવલ-૧૦#) સંવર્ગમાં ફરજ બજાવતા અધિકારીઓને નાયબ સચિવ, વર્ગ-૧ સંવર્ગના પગાર ધોરણ રૂ.૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦/- પે મેટ્રીક્સ લેવલ-૧૨માં હંગામી ધોરણે બઢતી આપવામાં આવેલ છે. જે પૈકી નીચે કોષ્ટકના કોલમ (૨)માં દર્શાવેલ અધિકારીને સામાન્ય વહીવટ વિભાગ ખાતે નાયબ સચિવ તરીકે નિમણૂક આપવામાં આવેલ છે. તદનુસાર તેઓને કોલમ (૩)માં દર્શાવેલ તારીખથી સામાન્ય વહીવટ વિભાગ ખાતે હાજર કરી કોલમ (૪) માં દર્શાવેલ જગા પર તા.૨૮/૦૪/૨૦૨૬થી નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | નાયબ સચિવનું નામ | વિભાગ ખાતે હાજર થયા તારીખ (ક.સ.થી.) | નિમણૂકની જગ્યા | કામગીરીની વિગતો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | ૪) | (૫) |
| ૧ | શ્રી જૈમિન બી. શાહ | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (સેવા) | ગ અને ગ-૧ શાખા |
| ૨ | શ્રી વર્ષાન્ત એસ. રંભાપુરવાલા | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (આયોજન પ્રભાગ) | મુખ્યસચિવશ્રીનું કાર્યાલય |
| ૩ | શ્રી દીપ એમ. પટેલ | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (ચૂંટણી) | ચૂંટણી પ્રભાગ |
| ૪ | શ્રી ભગવતસિંહ જે. ગોહિલ | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (બજેટ/સંકલન) | લ (બજેટ), ટ (સંકલન), રોકડ-૧, રોકડ-૨, બુથ તથા ગ-૪ શાખા |
| ૫ | શ્રી અલ્કેશકુમાર જી. ચૌધરી | તા.૨૮/૦૪/૨૦૨૬ | નાયબ સચિવ (HRMS) | HRMS Cell અને ટ-૧ શાખા |

૨. વિભાગની તા.૧૬/૦૨/૨૦૨૬ની અધિસૂચના અન્વયે વિભાગની ગ-૧ સેલની કામગીરી શ્રી મેહુલ કે. વસાવા, નાયબ સચિવ (કેબિનેટ અને જીપીએસસી સંકલન)એ જોવાની રહેશે. શ્રી રોનક મહેતા, સંયુક્ત સચિવને HRMS Cellની કામગીરી અને શ્રી જગદીશકુમાર ગોહિલ, ઉપસચિવને નાયબ સચિવ, ટ-૧ શાખાની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે છે.

૩. આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ)ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા
સરકારના સંયુક્ત સચિવ

---

ક્રમાંક: GAD/KRT/e-file/1/2022/6468/KH
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૮/૦૪/૨૦૨૬

પ્રતિ,

- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી (ક.ગ.)ના રહસ્ય સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના રહસ્ય સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (આયોજન)ના રહસ્ય સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક/સંયુક્ત/ નાયબ સચિવશ્રીના રહસ્ય સચિવ/અંતગ મદદનીશ, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (મહેકમ)ના અંગત મદદનીશ, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત અધિકારીશ્રીઓ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપસચિવશ્રીઓ, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ/ રોકડ-૧ શાખા, એચઆરએમએસ સેલ, ગ-૨ સેલ, સચિવાલય, ગાંધીનગર.
- એકઝીકયુટીવશ્રી, ગેલપ્સ બિઝનેશ કોર્પોરેટ્સ, એલએલપી, બ્લોક નં.૬/૩, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટિમ મેનેજર, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી(રન્ન/ખાનગી અહેવાલ), ખ-શાખા, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ/ના.સે.અ સિલેકટ ફાઈલ.

(જીગ્નેશ બારોટ)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ